# મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ ખાતે પરીયોજના સંયોજકશ્રી, એઆઈસીઆરપી-શાકભાજી, આઈઆઈવીઆર, વારાણસી દ્વારા મોનીટરીંગ

રાષ્ટ્રીય કક્ષાના શાકભાજી પાકોમાં સંશોધન માટે ભારતીય શાકભાજી સંશોધન સંસ્થા (આઈઆઈવીઆર) વારાણસીમાં કાર્યરત છે. જે વિવિધ શાકભાજીનાં પાકોમાં સંશોધન માટે બહુઆયામી અભિગમ ધરાવે છે. આ પરીયોજના હેઠળ જુદાજુદા રાજ્યમાં કાર્યરત વિવિધ શાકભાજી સંશોધન કેન્દ્ર ખાતે અખતરાઓ આપવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય, આણંદમાં પણ સ્વેછીક કેન્દ્ર તરીકે છેલ્લા ૩૦ વર્ષથી કાર્યરત છે. ડૉ. રાજેશ કુમાર, પરીયોજના સંયોજકશ્રી, એઆઈસીઆરપી-શાકભાજી, આઈઆઈવીઆર, વારાણસીથી અખતરાઓના મોનીટરીંગ માટે ૧૯ જુને, ૨૦૨૪ ના રોજ આવેલ. સૌ પ્રથમ, કેન્દ્રના વડા, ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક(શાકભાજી), દ્વારા વૈજ્ઞાનિકશ્રીનું સ્વાગત કરેલ અને કેન્દ્રનાં વૈજ્ઞાનિકો સાથે પરિચય કરાવેલ તેમજ કેન્દ્ર ખાતેથી ભલામણ કરેલ જાતો વિષે માહિતગાર કરેલ. ડૉ. એન. એ. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, દ્વારા કેન્દ્ર ખાતેનાં ટામેટા અને મરચાના અખતરાઓ તેમજ સંશોધનની વિવિધ પ્રવૃતિઓ વિષે જાણકારી આપેલ. ડૉ. એમ. એમ. પંડયા દ્વારા અત્રે લેવામાં આવેલ સુધારેલી અને સંકર જાતના રીંગણ તથા ભીંડા પાકમાં રોગપ્રતિકારકશક્તિ ધરાવતી જાતોનાં અખતરાઓની વિગતે માહિતી આપેલ. શ્રી કે. જે. વેકરીયા, વરિષ્ઠ સંશોધન મદદનીશ દ્વારા કેન્દ્ર ખાતેનાં વેલાવાળા શાકભાજી પાકોના અખતરાઓ વિષે માહિતગાર કરેલ. સરદાર કૃષિનગરથી આવેલ ડૉ. એસ. ડી. સોલંકી, આચાર્ય અને વિદ્યાશાખાઅધ્યક્ષ, સી. પી. કૃષિ મહાવિદ્યાલય અને ડૉ. કેતન પ્રજાપતિ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક તથા ડૉ. વિપુલ કાપડિયા, રીસર્ચ એસોસીએટ અને ડૉ. ઉજ્જવલ પટેલ, સીનિયર રીસર્ચ ફેલો વગેરેએ કેન્દ્રના સંશોધન ફાર્મની મુલાકાત લીધેલ. પ્રોજેક્ટ કોઓર્ડિનેટર ડૉ. રાજેશ કુમારે કેન્દ્રની વિવિધ સંશોધન પ્રવૃત્તિઓની પ્રશંસા કરેલ તથા આનંદ ક્રાંતિ હાઇબ્રિડ ભીંડાના નિદર્શન પ્લોટની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત બિયારણ ખરીદવા આવેલા ખેડૂતો સાથે તેમણે ચર્ચા-વિચારણા કરી હતી.








RESEARCH FARM
MAIN VEGETABLE RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND
શાકભાજી સંશોધન ફાર્મ
મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ